©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 31st JULY, 2025/SRAVANA 09, 1947 [No. 4604

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

(જુઓ નિયમ-૨૬ (૯))

નગર રચના યોજના નં. ૨૨૧ (ઓગણજ-સોલા-ભાડજ)

પ્રારંભિક યોજના

ક્રમાંક : નં. ન.ર.યો./નં. ૨૨૧(ઓગણજ-સોલા-ભાડજ)/પ્રારંભિક યોજના/૧૬૯૪.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ (૧)ની જોગવાઈઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર મેં તા.૨૮-૦૭-૨૦૨૫ ના સોમવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-''ઠ'' ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૮-૦૭-૨૦૨૫

સ્થળ : અમદાવાદ

દર્શિત એમ. પટેલ
નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
નગર રચના યોજના નં. ૨૨૧ (ઓગણજ-સોલા-ભાડજ)
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
અમદાવાદ

કચેરીનું સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી, નગર નિયોજક-૧
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૧, ચોથો માળ, ઓફિસ નં. ૪૦૯,
એ.એમ.સી. મલ્ટીલેવલ પાર્કીંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા પોસ્ટ ઓફીસની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.01 17:15:27 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot